મફત નમૂનો

દુકાનદાર અને નાના વેપારી માટે · ગુજરાતી

# AI થી ધંધાનું કામ સહેલું

ChatGPT ને ગુજરાતીમાં કામ આપો. બોલીને, લખીને કે ફોટો મોકલીને.




- ✓ WhatsApp જવાબ 10 સેકન્ડમાં
- ✓ Instagram પોસ્ટ અને રીલ
- ✓ તહેવારની ઑફર અને પોસ્ટર
- ✓ ચોપડો → Excel, ઉધાર રજીસ્ટર
- ✓ Google review અને 30 દિવસનો પ્લાન

M **AI with Mohit**
aiwithmohit.com

**97**

તૈયાર Prompts · 108 પાના + Excel કિટ

આ મફત નમૂનો છે · આખી ebook માં શું છે?

# ₹99 માં આખું કિટ, ફક્ત ebook નહીં

દુકાનદાર માટે, ગુજરાતીમાં. વાંચીને નહીં, વાપરીને કામ લાગે એવું.

| 108 | 97 | 18 |
|---|---|---|
| પાનાની ebook | તૈયાર prompts | પ્રકરણ અને બોનસ |

**12** — **પ્રકરણ, step-by-step**
WhatsApp, Instagram, પોસ્ટર, તહેવાર, હિસાબ, Google, સ્ટાફ

**50** — **ધંધા પ્રમાણે prompts**
કપડાં, મોબાઇલ, કરિયાણું, મીઠાઈ, ફર્નિચર સહિત 10 ધંધા

**40** — **તૈયાર WhatsApp મેસેજ**
ભાવ, ઓર્ડર, ઉધાર, ઑફર. Quick reply માં મૂકી દો

**50** — **રીલના hooks**
રીલની પહેલી લીટી, જે લોકોને અટકાવે

**12** — **તહેવારની શુભેચ્છા**
ઉત્તરાયણથી દિવાળી સુધી, વેચાણ વગરની

**3** — **પ્રિન્ટ કરવાના બોર્ડ**
WhatsApp, Google review અને UPI માટે

**4** — **Excel દુકાન હિસાબ કિટ**
વેચાણ, ઉધાર, સ્ટોક, છૂટ. Formula તૈયાર

**30** — **દિવસનો પ્લાન**
રોજ 15 મિનિટ, શું કરવું એ નક્કી

**આ નમૂનામાં:** ebook કેવી રીતે વાપરવી, આખું પ્રકરણ 2 (સાચું પૂછતા શીખો), પ્રકરણ 3 (WhatsApp Business) ની શરૂઆત, અને બોનસ પાનાંની ઝલક. છેલ્લા પાને ખરીદવાની રીત છે.

અનુક્રમણિકા

# આ ebook માં શું છે?


**01** **AI ને ઓળખો**
ChatGPT, Gemini, Meta AI અને પહેલી 10 મિનિટ

**02** **સાચું પૂછતા શીખો**
4 ભાગનો ફોર્મ્યુલા, બોલીને અને ફોટોથી કામ

**03** **WhatsApp Business**
સેટઅપ, તૈયાર જવાબ, follow-up, ઉધાર, broadcast

**04** **Instagram અને Facebook**
પ્રોફાઇલ, 30 દિવસનું calendar, caption, રીલ

**05** **AI થી પોસ્ટર અને ફોટો**
ઑફર પોસ્ટર, ગુજરાતી અક્ષરની તકલીફનો ઉકેલ

**06** **તહેવાર અને સીઝન**
ગુજરાતનું તહેવાર કેલેન્ડર, ઑફર, status

**07** **હિસાબ, ઉધાર અને Excel**
બિલના ફોટોથી ટેબલ, છૂટનું ગણિત, formula

**08** **Google પર દુકાન**
Business Profile, review QR, જવાબ

**09** **સ્ટાફ અને ગ્રાહક સેવા**
નિયમો, ભરતી, AI સાથે વેચાણની પ્રેક્ટિસ

**10** **ધંધો વધારો**
વેચાણના ઉપાય, જૂના ગ્રાહક, મોટા નિર્ણય

**11** **સાવધાની**
AI ક્યાં ભૂલ કરે, શું ક્યારેય ન આપવું

**12** **30 દિવસનો પ્લાન**
રોજ 15 મિનિટ, અને પોતાનું માપ

**13** **બોનસ: cheat-sheet + ધંધા પ્રમાણે 50 prompts**
10 ધંધા × 5 prompts, અને 40 તૈયાર WhatsApp મેસેજ

**14** **બોનસ: તહેવાર, hooks, બોર્ડ, Excel કિટ**
12 શુભેચ્છા, 50 hooks, 3 પ્રિન્ટ બોર્ડ, દુકાન હિસાબ કિટ




મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

શરૂઆત પહેલાં

# આ ebook કેવી રીતે વાપરવી

આ ebook **વાંચવાની નથી, વાપરવાની છે.** દરેક પ્રકરણમાં તૈયાર prompts છે, અને દરેક prompt ની નીચે AI નો નમૂનાનો જવાબ છે, જેથી ખબર પડે કે શું મળશે.

1. **ફોનમાં બે વસ્તુ ખુલ્લી રાખો**
   એક બાજુ આ ebook, બીજી બાજુ ChatGPT.

2. **Prompt copy કરો**
   ebook માં prompt પર લાંબું દબાવી copy કરો, ChatGPT માં paste કરો.

3. **જાંબલી જગ્યા બદલો**
   જ્યાં **આવું** લખેલું છે, ત્યાં તમારી દુકાનની વિગત લખો.

4. **મોકલો અને સુધારો**
   જવાબ ન ગમે તો "ટૂંકું કરો", "3 વિકલ્પ આપો" જેવું લખો.

**PROMPT** **Prompt આવો દેખાશે**

તમે લખો / બોલો

આ ભાગ ChatGPT માં copy કરવાનો છે. **આ જાંબલી ભાગ** તમારી વિગતથી બદલવાનો છે.

**AI નો જવાબ (નમૂનો)**

આ નમૂનો છે. તમારો જવાબ થોડો અલગ આવી શકે, એ સામાન્ય છે.

**શરૂઆત:** પ્રકરણ 1 અને 2 આજે વાંચો, પછી જે કામ સૌથી વધુ સમય ખાય છે એ પ્રકરણ ખોલો. વાર્તાના દુકાનદારો અને સ્ક્રીનના ચિત્રો સમજાવવા માટેના ઉદાહરણ છે.



મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

પ્રકરણ 2 · સૌથી મહત્વનું

# સાચું પૂછતા શીખો

મોટા ભાગના લોકો કહે છે "AI કામનું નથી". ભૂલ AI ની નથી, પૂછવાની રીતની છે.




## આ પ્રકરણમાં

- ✓ 4 ભાગનો prompt ફોર્મ્યુલા
- ✓ એક વાર ધંધાની ઓળખ આપો, રોજ કામ લો
- ✓ બોલીને અને ફોટો મોકલીને AI પાસે કામ

### ⚡ પહેલી 5 મિનિટમાં

પાનું 13 ની "ધંધાની ઓળખ" ભરીને ChatGPT માં મોકલો. પછીના બધા જવાબ તમારા ધંધા પ્રમાણે આવશે.

AI પાસે જે લખીને કામ માંગો તેને **Prompt** કહેવાય. નવા સ્ટાફને "કંઈક લખી દે" કહો તો શું થાય? એ જ AI સાથે થાય છે. એટલે દર વખતે આ 4 વાત કહો:

| 1. કોણ | › | 2. શું | › | 3. વિગત | › | 4. રૂપ |
|---|---|---|---|---|---|---|
| તમારો ધંધો, શહેર | | કયું કામ | | ભાવ, તારીખ, ગ્રાહક | | લંબાઈ, ભાષા, ટોન |

## ફરક જાતે જુઓ

**✕ નબળો prompt**

"દિવાળી ઑફર લખી આપો"

જવાબ: "આ દિવાળીએ અમારી દુકાને પધારો અને શાનદાર ઑફરનો લાભ લો!..."

સામાન્ય, કોઈ પણ દુકાનનું. કામનું નહીં.

**✓ સારો prompt**

"હું ડીસામાં મોબાઈલ એસેસરીઝની દુકાન ચલાવું છું. ₹999 થી વધુની ખરીદી પર earphone મફત, 5 નવેમ્બર સુધી. WhatsApp status માટે 3 લીટી, સરળ ગુજરાતી, emoji સાથે."

જવાબ: "🪔 દિવાળી ધમાકા! ₹999 ની ખરીદી પર earphone 🎧 બિલકુલ મફત. ફક્ત 5 નવેમ્બર સુધી!"

બીજો prompt 20 સેકન્ડ વધારે લે છે, પણ જવાબ **સીધો status માં મૂકી શકાય** એવો આવે છે.

## જવાબ ન ગમે? આ 8 વાક્ય લખો

| આવું લખો | શું થશે |
| --- | --- |
| "હજુ ટૂંકું કરો" | લખાણ અડધું થશે |
| "ગામડાના ગ્રાહક સમજે એવું લખો" | સાવ સરળ ભાષા |
| "3 અલગ વિકલ્પ આપો" | પસંદગી મળશે |
| "થોડું મજાકિયું બનાવો" | ટોન હળવો થશે |
| "ટેબલમાં આપો" | ગોઠવેલું દેખાશે |
| "Gujlish માં લખો" | અંગ્રેજી અક્ષરમાં ગુજરાતી |
| "emoji વગર લખો" | સાદું, ગંભીર લખાણ |
| "મને ખુશ કરવા નહીં, સાચું કહો" | ખુલ્લો અભિપ્રાય |

## એક વાર ધંધાની ઓળખ આપો

દર વખતે દુકાનની વિગત લખવી કંટાળાજનક છે. એટલે નવી chat ની શરૂઆતમાં એક વાર આ "ઓળખ" મોકલો. પછીના બધા જવાબ તમારા ધંધા પ્રમાણે આવશે.


મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

**PROMPT 1** **ધંધાની ઓળખ (દરેક નવી chat માં પહેલું)**

તમે લખો / બોલો

હવે પછીના બધા જવાબ માટે યાદ રાખો:
મારો ધંધો: **દુકાનનું નામ, શું વેચો છો**
શહેર/વિસ્તાર: **શહેર**
મારા ગ્રાહક: **કોણ, જેમ કે ગામડાના પરિવાર, કોલેજના યુવાનો**
ભાવની રેન્જ: **₹ થી ₹**
ખાસિયત: **જેમ કે 20 વર્ષ જૂની દુકાન, હોમ ડિલિવરી**
જવાબ સરળ ગુજરાતીમાં, ટૂંકા અને સીધા વાપરી શકાય એવા આપો.

**AI નો જવાબ (નમૂનો)**

બરાબર, યાદ રાખ્યું 👍 હવેથી તમારા ધંધા અને ગ્રાહક પ્રમાણે સરળ ગુજરાતીમાં ટૂંકા જવાબ આપીશ. બોલો, આજે શું કામ છે?

**સ્માર્ટ રીત:** આ ઓળખ ફોનના Notes માં save રાખો. નવી chat ખોલો એટલે copy-paste કરી દો. 10 સેકન્ડનું કામ.


મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

## ગુજરાતીમાં બોલીને કામ કરાવો 🎙️




Mic દબાવી બોલો, ChatGPT લખાણમાં ફેરવી જવાબ આપે

**1** **Mic 🎙️ દબાવો**
Message ખાનાની બાજુમાં.

**2** **ગુજરાતીમાં બોલો**
જાણે સ્ટાફને કહેતા હો એમ, સહજ રીતે.

**3** **લખાણ ચકાસો**
મોકલતા પહેલાં, AI એ સાચું સાંભળ્યું છે કે નહીં એ જુઓ.

> **ટીપ:** અવાજ બરાબર ન સમજાય તો શાંત જગ્યાએ, ફોન મોં પાસે રાખી ધીમે બોલો. ત્યારે પણ ન સમજાય તો Gujlish માં બોલો.

## ફોટો મોકલીને કામ કરાવો +

આ સુવિધા સૌથી ઓછા લોકો વાપરે છે, અને સૌથી વધુ સમય બચાવે છે. + દબાવી ફોટો મોકલો અને સાથે એક લીટીમાં કામ લખો.




પ્રોડક્ટનો ફોટો → તૈયાર caption

| આનો ફોટો મોકલો | આ કામ કરાવો |
|---|---|
| નવી પ્રોડક્ટ | caption, ભાવનું લખાણ, ગુણ |
| હાથે લખેલું બિલ / ચોપડો | Excel ટેબલ (પ્રકરણ 7) |
| દુકાનનું બોર્ડ / બેનર | "આમાં શું સુધારી શકાય?" |
| હરીફનું પોસ્ટર | "આના જેવું પણ અલગ, મારા માટે" |
| અંગ્રેજી કાગળ / નોટિસ | "સરળ ગુજરાતીમાં સમજાવો" |

**PROMPT 2** **ફોટો + સવાલ**

તમે લખો / બોલો

**ફોટો મોકલો** આ મારી દુકાનની **પ્રોડક્ટ** છે. ભાવ ₹ **ભાવ**. આના 3 ખાસ ફાયદા સરળ ગુજરાતીમાં લખો, અને એક 2 લીટીનું WhatsApp મેસેજ બનાવો.

**AI નો જવાબ (નમૂનો)**

ફાયદા:

1. મજબૂત લાકડું, વર્ષો ચાલે
2. ઓછી જગ્યામાં 4 લોકો બેસી શકે
3. સાફ કરવામાં સરળ

મેસેજ: નાના ઘર માટે મોટો આરામ 🛋️ ₹8,999 માં 4 સીટર સોફા, આજે જ જુઓ!

**ધ્યાન:** ફોટોમાં ગ્રાહકનું નામ, ફોન નંબર, આધાર કે બેંક વિગત દેખાતી હોય તો એ ભાગ ઢાંકીને જ મોકલો.

### ⚡ આજે જ કરો

ઉપરની "ધંધાની ઓળખ" તમારી વિગત સાથે ભરીને ChatGPT માં મોકલો. પછી તમારી કોઈ એક પ્રોડક્ટનો ફોટો મોકલી caption લખાવો.

### પ્રકરણ 2 ચેકલિસ્ટ

- ☐ 4 ભાગનો ફોર્મ્યુલા યાદ છે: કોણ, શું, વિગત, રૂપ
- ☐ ધંધાની ઓળખ Notes માં save કરી
- ☐ એક વાર 🎙️ બોલીને અને એક વાર ફોટો મોકલીને કામ કરાવ્યું

પ્રકરણ 3

03

# WhatsApp Business

તમારો સૌથી મોટો દુકાન-કાઉન્ટર હવે ફોનમાં છે. જે ઝડપથી અને વિવેકથી જવાબ આપે, ગ્રાહક ત્યાંથી ખરીદે.




## આ પ્રકરણમાં

- ✓ WhatsApp Business નું આખું સેટઅપ, AI ના લખાણ સાથે
- ✓ Greeting, Away message અને Quick replies
- ✓ Follow-up, ફરિયાદ, ઉધાર અને broadcast

### ⚡ પહેલી 5 મિનિટમાં

WhatsApp Business માં Away message ચાલુ કરો. રાત્રે આવેલા ગ્રાહકને પણ તરત જવાબ મળશે.

**હે**

**હેતલબેન**

બ્યુટી પાર્લર, પાલનપુર · ઉદાહરણ

| | |
|---|---|
| તકલીફ | ઘણા ગ્રાહક ભાવ પૂછીને પછી જવાબ જ ન આપે. રાત્રે આવેલા મેસેજનો જવાબ સવારે જાય, ત્યાં સુધી ગ્રાહક બીજે booking કરી લે. |
| AI થી શું કર્યું | AI પાસે Away message, 6 Quick replies અને 2 દિવસ પછીનો નમ્ર follow-up લખાવ્યો. |
| પરિણામ | રાત્રે પણ ગ્રાહકને તરત જવાબ મળે છે, અને "ભૂલાઈ ગયેલા" ગ્રાહકોમાંથી કેટલાક ફરી booking કરવા લાગ્યા. |

## સામાન્ય WhatsApp નહીં, WhatsApp Business

ધંધા માટે Play Store માંથી **WhatsApp Business** app (લીલું B વાળું આઇકન) વાપરો. એ મફત છે, અને એમાં એવા સાધન છે જે સામાન્ય WhatsApp માં નથી:

| સાધન | શું કરે | AI ક્યાં મદદ કરે |
| --- | --- | --- |
| Business profile | નામ, સરનામું, સમય, વર્ણન બતાવે | વર્ણનનું લખાણ |
| Greeting message | પહેલી વાર મેસેજ કરનારને આપોઆપ જવાબ | આવકારનું લખાણ |
| Away message | દુકાન બંધ હોય ત્યારે આપોઆપ જવાબ | સમય સાથેનું નમ્ર લખાણ |
| Quick replies | તૈયાર જવાબ, "/" લખતા જ મળે | વારંવારના સવાલોના જવાબ |
| Labels | chat ને "નવો ગ્રાહક", "ઉધાર" જેવા રંગીન લેબલ | કયા લેબલ રાખવા એનો પ્લાન |
| Catalog | પ્રોડક્ટના ફોટો, ભાવ, વર્ણન | દરેક પ્રોડક્ટનું ટૂંકું વર્ણન |
| Short link / QR | ગ્રાહક સ્કેન કરે અને સીધી chat ખુલે | QR સાથે મૂકવાનું લખાણ |
| Broadcast list | એક મેસેજ ઘણા ગ્રાહકોને, અલગ અલગ | ઑફર અને નવા માલના મેસેજ |

**ક્યાં મળશે:** આ બધું WhatsApp Business માં Settings → Business tools માં મળશે. મેનુના નામ app ના વર્ઝન પ્રમાણે થોડા અલગ હોઈ શકે.



મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

## સ્ટેપ 1: Business profile નું વર્ણન

**PROMPT 3** **Profile નું વર્ણન**

તમે લખો / બોલો

મારી દુકાનના WhatsApp Business profile માટે 2-3 લીટીનું વર્ણન લખો. વિગત: **નામ, શું વેચો, શહેર, ખાસિયત, સમય**. ભાષા સરળ ગુજરાતી, ભરોસો વધે એવી.

**AI નો જવાબ (નમૂનો)**

ડીસાની વિશ્વાસપાત્ર મોબાઈલ દુકાન, 2012 થી 📱
મોબાઈલ, કવર, ચાર્જર, earphone અને રિપેરિંગ, એક જ જગ્યાએ.
સમય: સવારે 9:30 થી રાત્રે 9 · હોમ ડિલિવરી ઉપલબ્ધ

## સ્ટેપ 2: Greeting અને Away message




Greeting: પહેલી વાર મેસેજ કરનારને




Away: દુકાન બંધ હોય ત્યારે



મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

**PROMPT 4** **Greeting + Away message**

તમે લખો / બોલો

મારી **દુકાન** માટે WhatsApp Business ના 2 આપોઆપ મેસેજ લખો:
1) Greeting: પહેલી વાર મેસેજ કરનાર ગ્રાહક માટે, આવકાર અને "શું જોઈએ છે એ જણાવો".
2) Away: દુકાન બંધ હોય ત્યારે. સમય: **સવારે __ થી રાત્રે __** .
બંને 3 લીટીથી ઓછા, વિવેકી, ગુજરાતીમાં.

## સ્ટેપ 3: Quick replies, 10 સેકન્ડમાં જવાબ

**PROMPT 5** **6 તૈયાર જવાબ**

તમે લખો / બોલો

હું **ધંધો** ચલાવું છું. ગ્રાહકો WhatsApp પર વારંવાર પૂછે છે: (1) ભાવ શું? (2) દુકાન ક્યાં? (3) હોમ ડિલિવરી છે? (4) કેટલા વાગ્યા સુધી ખુલ્લું? (5) બદલી આપો છો? (6) UPI ચાલે? દરેકનો 2 લીટીનો વિવેકી જવાબ લખો. મારી વિગત: **સરનામું, સમય, ડિલિવરી, બદલીનો નિયમ** . દરેક જવાબ સાથે એક ટૂંકો shortcut શબ્દ પણ સૂચવો.

**AI નો જવાબ (નમૂનો)**

/ડિલિવરી → હા જી 🙏 ડીસા શહેરમાં ₹500 થી વધુની ખરીદી પર હોમ ડિલિવરી મફત છે. ઓર્ડર માટે વસ્તુનો ફોટો મોકલો.
/બદલી → બિલ સાથે 7 દિવસમાં બદલી મળશે. વસ્તુ વાપરેલી ન હોવી જોઈએ 😊
/upi → હા, GPay, PhonePe, Paytm બધું ચાલે છે.



મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com




"/" લખો, shortcut પસંદ કરો, મોકલો

1. **Business tools → Quick replies**
   "+" દબાવી નવો જવાબ ઉમેરો.

2. **Message માં AI નો જવાબ paste કરો**
   Shortcut માં ટૂંકો શબ્દ, જેમ કે ડિલિવરી.

3. **chat માં "/" લખો**
   બધા તૈયાર જવાબ દેખાશે, એક પસંદ કરો.

## સ્ટેપ 4: Labels થી ગ્રાહકને ગોઠવો

Labels એટલે chat પર લગાવેલું રંગીન કાગળનું ટેગ. પછી એક લેબલ દબાવો એટલે એ પ્રકારના બધા ગ્રાહક એક સાથે દેખાય.

| Label | કોને લગાવવું | પછી શું કરવું |
|---|---|---|
| નવો ગ્રાહક | પહેલી વાર મેસેજ કરનાર | 2 દિવસ પછી follow-up |
| ભાવ પૂછ્યો | ભાવ પૂછીને ચૂપ થયા | નમ્ર યાદ + નાનો ફાયદો |
| ઓર્ડર બાકી | ઓર્ડર આપ્યો, ડિલિવરી બાકી | સમય અને સ્ટેટસ જણાવવું |
| ઉધાર | પૈસા બાકી | દર અઠવાડિયે નરમ યાદ |
| પાક્કો ગ્રાહક | 3+ વાર ખરીદી | નવો માલ સૌથી પહેલાં બતાવો |


મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

## સ્ટેપ 5: Catalog, દુકાન ખિસ્સામાં

**PROMPT 6** **Catalog નું વર્ણન (એક સાથે 10 પ્રોડક્ટ)**

તમે લખો / બોલો

મારા WhatsApp catalog માટે નીચેની દરેક પ્રોડક્ટનું 1-2 લીટીનું વર્ણન લખો. સરળ ગુજરાતી, મુખ્ય ફાયદો પહેલાં.

**પ્રોડક્ટ 1 - ભાવ**

**પ્રોડક્ટ 2 - ભાવ**

...

AI નો જવાબ (નમૂનો)

ટાઈપ-C ફાસ્ટ ચાર્જર 25W · ₹699
અડધા કલાકમાં 50% ચાર્જ. મોટા ભાગના નવા ફોન સાથે ચાલે.

સિલિકોન કવર · ₹199
ફોન પડે તો પણ સુરક્ષિત, 6 રંગમાં ઉપલબ્ધ.

## ભાવ પૂછીને ચૂપ થયેલા ગ્રાહક

ઘણા ગ્રાહક ભાવ પૂછીને ગાયબ થઈ જાય છે. એનો અર્થ "ના" નથી. ઘણી વાર એ ફક્ત ભૂલી ગયા હોય છે. 2 દિવસ પછી એક નમ્ર યાદ ઘણું કામ કરે છે.



મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

બોનસની ઝલક

# આખી ebook માંથી થોડાં પાનાં

આગળના પાનાં આખી ebook માંથી લીધાં છે, જેથી ખ્યાલ આવે કે બાકીના પ્રકરણ અને બોનસ કેવા છે.


→ છૂટ આપતા પહેલાંનું ગણિત · પ્રકરણ 7

→ તમારા ધંધા માટેના prompts · બોનસ 14

→ તૈયાર WhatsApp મેસેજ · બોનસ 15

→ રીલના 50 hooks · બોનસ 16

→ દુકાનમાં લગાવવાનું બોર્ડ · બોનસ 17

→ Excel દુકાન હિસાબ કિટ · બોનસ 18

## છૂટનું સાચું ગણિત

**PROMPT 26** **છૂટ આપતા પહેલાં**

તમે લખો / બોલો

ખરીદ ભાવ ₹ 75 , વેચાણ ભાવ ₹ 100 , મહિને 300 નંગ વેચાય. (1) નફો અને માર્જિન કેટલો? (2) 10% છૂટ આપું તો એટલો જ નફો રાખવા કેટલા નંગ વેચવા પડે? સરળ ભાષામાં, ગણતરી બતાવીને.

**AI નો જવાબ (નમૂનો)**

અત્યારે: નંગ દીઠ નફો ₹25, મહિને ₹7,500 (માર્જિન 25%).
10% છૂટ પછી ભાવ ₹90, નંગ દીઠ નફો ફક્ત ₹15.
₹7,500 નફો રાખવા: 7,500 ÷ 15 = 500 નંગ.
એટલે 200 નંગ (લગભગ 67%) વધારે વેચવા પડે. 👉 છૂટ સમજીને આપો.

| માર્જિન | 5% છૂટ | 10% છૂટ | 20% છૂટ |
|---|---|---|---|
| 20% | 33% વધુ વેચવું પડે | 100% (બમણું) | નફો શૂન્ય |
| 30% | 20% વધુ | 50% વધુ | 200% (ત્રણ ગણું) |
| 40% | 14% વધુ | 33% વધુ | 100% (બમણું) |

ટેબલ કેવી રીતે વાંચવું: જો તમારો માર્જિન 30% છે અને 10% છૂટ આપો, તો એટલો જ નફો રાખવા **50% વધુ** માલ વેચવો પડે. (ગણતરી: માર્જિન ÷ (માર્જિન − છૂટ) − 1)

**ચકાસો:** આંકડા હંમેશા એક વાર કેલ્ક્યુલેટરથી ચકાસો. ઉદાહરણ: 25% માર્જિન, 10% છૂટ → 25 ÷ 15 = 1.67, એટલે લગભગ 67% વધુ.


મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

## કપડાં, સાડી, રેડીમેડ

નવરાત્રી, લગ્નસરા અને નવા કલેક્શન માટે

| | |
|---|---|
| **48** **નવું કલેક્શન** | **ફોટો મોકલો** આ નવા **કુર્તા/સાડી** કલેક્શનનું Instagram caption અને WhatsApp મેસેજ લખો. ભાવ ₹ **ભાવ** થી. પહેલી લીટી એવી કે મહિલાઓ અટકી જાય. |
| **49** **સાઇઝ/ ફિટિંગ સવાલ** | ગ્રાહક પૂછે છે "આ મને ફિટ થશે?". સાઇઝ ચાર્ટ પૂછતો, બદલીનો નિયમ **નિયમ** જણાવતો, 3 લીટીનો વિવેકી જવાબ લખો. |
| **50** **લગ્નસરા પેકેજ** | લગ્નવાળા પરિવાર માટે "આખા પરિવારનું પેકેજ" ઑફરના 3 વિચાર આપો: વરરાજા, કન્યા, પરિવાર. બજેટ ₹ **__** થી ₹ **__**. નફો **__%** ન ઘટે. |
| **51** **રીલ આઈડિયા** | સાડી પહેરવાની 3 સ્ટાઇલ બતાવતી 20 સેકન્ડની રીલ સ્ક્રિપ્ટ લખો, દુકાનમાં એક સ્ટાફ સાથે શૂટ થાય એવી. |
| **52** **જૂનો સ્ટોક** | **ગયા વર્ષનો સ્ટોક** હજુ પડ્યો છે. ભાવ બહુ ઘટાડ્યા વગર એને કાઢવાના 5 રસ્તા અને એક broadcast મેસેજ. |


મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

### ડિલિવરી માટે નીકળ્યો

તમારો ઓર્ડર ડિલિવરી માટે નીકળી ગયો છે 🚚 [__] મિનિટમાં પહોંચશે.

### મોડું થયું (માફી)

માફ કરશો 🙏 તમારો ઓર્ડર થોડો મોડો થશે, [નવો સમય] સુધીમાં પહોંચશે. રાહ જોવા બદલ આભાર.

### ફરિયાદ મળી

તકલીફ બદલ દિલગીર છીએ 🙏 અમે આજે જ જોઈ લઈએ છીએ અને [સમય] સુધીમાં તમને જવાબ આપીશું.

### ખરીદી પછી આભાર

ખરીદી બદલ દિલથી આભાર 🙏 કોઈ પણ તકલીફ હોય તો આ નંબર પર મેસેજ કરજો.

### Review વિનંતી

તમારો અનુભવ કેવો રહ્યો? 30 સેકન્ડ કાઢીને અહીં 2 શબ્દ લખશો તો અમને મદદ થશે 👉 [link]

### ઉધાર (નરમ)

નમસ્તે 🙏 ₹[__] નું એક નાનું યાદ અપાવ્યું. સમય મળે ત્યારે UPI કરી દેજો. આભાર!

### ઉધાર (મધ્યમ)

નમસ્તે, ₹[__] [__] દિવસથી બાકી છે. આ અઠવાડિયામાં ચૂકવી શકો તો સારું. કોઈ તકલીફ હોય તો જણાવજો.

### ઉધાર (મક્કમ)

નમસ્તે, ₹[__] ઘણા સમયથી બાકી છે. [તારીખ] સુધીમાં ચૂકવી દેવા વિનંતી. આગળનું ઉધાર ત્યાર પછી જ શક્ય બનશે.

### નવો માલ

🎉 નવો માલ આવી ગયો! [વસ્તુ], [__]+ ડિઝાઇન, શરૂઆત ₹[__] થી. પહેલાં આવો, પહેલાં પસંદ કરો.

### છેલ્લા પીસ

⚡ [વસ્તુ] ના ફક્ત [__] પીસ બાકી છે. જોઈતું હોય તો આજે જ જણાવો.



મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

## 50 hooks: રીલની પહેલી લીટી

__ ની જગ્યાએ તમારો ભાવ કે શહેર લખો. જે hook ખોટો દાવો કરે એવો લાગે, ત્યાં ફક્ત સાચી વાત લખો.

1. ડીસામાં ₹__ માં આવું મળે? 👀
2. આ ભૂલ ઘણા લોકો કરે છે...
3. ખરીદતા પહેલાં આ 3 વાત જુઓ
4. દુકાનદાર તમને આ નહીં કહે
5. ₹500 vs ₹1,500: ફરક જુઓ
6. આ જોઈને મમ્મી ખુશ થઈ ગયા 😍
7. લગ્નમાં જતા પહેલાં આ જુઓ
8. આજે જ આવ્યું, કાલે પૂરું?
9. એક વસ્તુ, 3 રીતે વાપરો
10. આ રંગ આ સીઝનમાં સૌથી વધુ વેચાયો
11. પાછળથી પસ્તાવો ન થાય એટલે...
12. ગ્રાહકે પૂછ્યું, અમે બતાવ્યું
13. પેકિંગ કેવી રીતે થાય છે? 📦
14. સવારે 9 વાગે દુકાનમાં શું થાય છે
15. આ સોફા 5 વર્ષ પછી પણ આવો જ
16. તમારા ફોનની બેટરી જલ્દી ઊતરે છે?
17. ₹__ ના બજેટમાં બેસ્ટ શું?
18. આ ઑફર ફક્ત 3 દિવસ
19. છેલ્લા 5 પીસ બાકી!
20. નવરાત્રી માટે તૈયાર?
21. ઘરે બેઠા ઓર્ડર, ઘરે ડિલિવરી
22. તમારી દાદીનો પ્રિય સ્વાદ 😋
23. ઓફિસ માટે 3 સરળ લુક
24. બાળકોને આ ખૂબ ગમશે
25. ગિફ્ટ શું આપવું? આ જુઓ
26. સાચું કે ખોટું? 🤔
27. આ વસ્તુ સાફ કરવાની સાચી રીત
28. આ 1 ટિપ્સથી પૈસા બચશે
29. અમારા સૌથી જૂના ગ્રાહકની વાત
30. 20 વર્ષથી એક જ ભરોસો
31. પહેલાં vs પછી ✨
32. આ પ્રોડક્ટ કોના માટે નથી
33. ₹__ માં આખો સેટ?
34. આજનું સ્પેશિયલ 🔥
35. વરસાદમાં આ ભૂલ ન કરતા
36. ઉનાળામાં આ જરૂર રાખો
37. તમે કયું પસંદ કરશો? 1 કે 2?
38. કોમેન્ટમાં લખો, ભાવ મોકલીએ
39. અમારો સ્ટાફ આજે શું કહે છે
40. આ જોયા વગર ખરીદી ન કરતા
41. નવા ઘર માટે ચેકલિસ્ટ 🏠
42. ફક્ત 30 સેકન્ડમાં સમજો
43. આ સવાલ રોજ પૂછાય છે
44. ભાવ ઓછો કેમ છે? સાચું કારણ
45. દુકાનનો સૌથી મોંઘો પીસ 👑
46. સૌથી સસ્તો પણ ટકાઉ


મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

[તમારી દુકાનનું નામ]

# WhatsApp પર જોડાઓ

**નંબર save કરો, નવો માલ અને ઑફર**

તમારો WhatsApp QR અહીં ચોંટાડો

**સૌથી પહેલાં તમારા ફોનમાં!**

WhatsApp Business → Business tools → Short link / QR માંથી QR પ્રિન્ટ કરી અહીં ચોંટાડો

મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

ebook ખરીધા પછી download પાના પર **"દુકાન હિસાબ કિટ (Excel)"** નું અલગ બટન છે. એ ફાઇલ ફોનમાં Google Sheets માં ખોલો, અથવા કોમ્પ્યુટરમાં Excel માં.

| Sheet | શું છે | તમારે શું ભરવાનું |
|---|---|---|
| 1. રોજનું વેચાણ | તારીખ પ્રમાણે વેચાણ, આપોઆપ કુલ અને મહિનાનો સરવાળો | તારીખ, વસ્તુ, નંગ, ભાવ |
| 2. ઉધાર | બાકી રકમ અને કેટલા દિવસથી બાકી, 30+ દિવસ આપોઆપ લાલ | ગ્રાહક, તારીખ, રકમ, જમા |
| 3. સ્ટોક | ઓછો સ્ટોક આપોઆપ "મંગાવો" લાલ રંગમાં | વસ્તુ, સ્ટોક, ઓછામાં ઓછો |
| 4. છૂટ ગણતરી | છૂટ આપો તો એટલો જ નફો રાખવા કેટલું વધુ વેચવું પડે | ખરીદ ભાવ, વેચાણ ભાવ, નંગ, છૂટ % |

1. **ફાઇલ download કરો**
   ખરીદી પછીના પાના પરથી, અથવા WhatsApp પર મંગાવો.

2. **Google Sheets માં ખોલો**
   ફોનમાં Google Sheets app → ફાઇલ ખોલો → "Save as Google Sheets".

3. **પીળા ખાના ભરો**
   બીજા ખાનામાં formula છે, એમાં લખવું નહીં.

4. **રોજ 2 મિનિટ**
   સાંજે દુકાન બંધ કરતા પહેલાં વેચાણ અને ઉધાર ભરો.

**ટીપ:** ફાઇલની એક copy સાચવી રાખો. ભૂલથી formula ભૂંસાઈ જાય તો નવી copy થી ફરી શરૂ કરી શકાય.


મફત નમૂનો · આખી ebook: aiwithmohit.com

**M** **AI with Mohit**
aiwithmohit.com

નમૂનો અહીં પૂરો

# બાકીના 90+ પાનાંમાં શું છે?


| | |
|---|---|
| 01 · AI ને ઓળખો, પહેલી 10 મિનિટ | પાનું 4 |
| 03 · WhatsApp Business: follow-up, ઉધાર, broadcast | પાનું 16 |
| 04 · Instagram: 30 દિવસનું calendar, caption, રીલ | પાનું 27 |
| 05 · AI થી પોસ્ટર, ગુજરાતી અક્ષરનો ઉકેલ | પાનું 36 |
| 06 · તહેવાર અને સીઝનની ઑફર | પાનું 41 |
| 07 · ચોપડો → Excel, ઉધાર, છૂટનું ગણિત | પાનું 47 |
| 08 · Google પર દુકાન અને review | પાનું 55 |
| 09-12 · સ્ટાફ, વેચાણ વધારો, સાવધાની, 30 દિવસ | પાનું 61 |
| **6 બોનસ** · 50 prompts, 40 મેસેજ, 50 hooks, બોર્ડ, Excel | પાનું 77 |


**₹99** ~~₹199~~

**આખી ebook + Excel કિટ**
એક વાર ચૂકવો, PDF તરત download. ફોનમાં હંમેશા તમારી પાસે.

**aiwithmohit.com પર ખરીદો →**

| 1 | 2 | 3 |
|---|---|---|
| aiwithmohit.com ખોલો | PhonePe / UPI થી ₹99 | PDF + Excel તરત મળે |

કોઈ સવાલ? WhatsApp: **+91 82000 98783**

આ નમૂનો કોઈ દુકાનદાર મિત્રને મોકલો, એને પણ કામ લાગશે 🙏